અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૧૮-૧૯માં સ્વરોજગારીની યોજનાઓના અમલીકરણ માટે લાભાર્થીઓને ધિરાણ આપવા માટે કુલ રૂ.૨૫.૦૦ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત...

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-અજક/૧૭/૨૦૧૮/૧૦૮૨૭/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 04 MAY 2018

વંચાણમાં લીધા:-

૧. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૦૪/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક: અજાક/મ/૬/૨૦૧૮/ ૨૭ થી ૩૧

૨. નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણનો તા.૦૪/૦૪/૨૦૧૮નો પત્ર ક્રમાંક: અજાક/મ/૩/૨૦૧૮/ ૨૪૮૪ થી ૨૪૮૯

આમુખ:

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૧૮-૧૯માં સ્વરોજગારીની યોજનાઓના અમલીકરણ માટે લાભાર્થીઓને ધિરાણ આપવા માટે કુલ રૂ.૨૫.૦૦ કરોડની નવી બાબતને મળેલ સૈદ્ધાંતિક મંજૂરી ને આધારે તે અંગેની અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

ઠરાવ:

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણના પત્ર અન્વયે ઉક્ત નવી બાબતની વહીવટી મંજુરી આપવા દરખાસ્ત થયેલ. આ વિચારણા હેઠળની દરખાસ્ત અંગે પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નીચે મુજબના ત્રણ નિગમોને વર્ષ:૨૦૧૮-૧૯માં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને વિવિધ યોજનાના અમલીકરણ માટે લોન સહાય આપવા માટે જે-તે નિગમની સામે દર્શાવ્યા મુજબની રકમ નીચેની શરતોને આધિન ફાળવવા અંગેની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:-

| ક્રમ | નિગમ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૧૦૦૦.૦૦ |
| ૨ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | ૧૦૦૦.૦૦ |
| ૩ | ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ૫૦૦.૦૦ |
| | કુલ | ૨૫૦૦.૦૦ |

શરતો:

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ:૨૦૧૮-૧૯માં અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

૩. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૫. ઉપર્યુક્ત લોનની રકમની દરેક નિગમ દ્વારા રાજ્ય સરકારને પરત ભરપાઈ અને વ્યાજના દર અને તે અંગેની ચુકવણીની શરતો તૈયાર કરી નાણાં વિભાગ/જાહેર સાહસ બ્યુરોની મંજૂરી અર્થે રજૂ કરવાની રહેશે.

૬. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ ખર્ચ નીચેના સદરે ઉધારવાનું રહેશે અને ચાલુ વર્ષની નાણાકીય ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે.

માંગણી નં.- ૯૫ પ્લાન

મુખ્ય સદર:- ૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુ. આદિજાતિઓ અને અન્ય
પછાત વર્ગનું કલ્યાણ

પેટા મુખ્ય સદર:- ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ

ગૌણ સદર:- ૧૯૦ જાહેર ક્ષેત્રો અને અન્ય ઉપક્રમો માટે લોન

પેટા સદર:- (૦૪) SCW-૩૬ આર્થિક ઉત્કર્ષ માટે નિગમો દ્વારા લોન
ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,
અનુસૂચિત જાતિ વિકાસ નિગમ,
ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૭/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુપટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ૪/ર ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર. આ ઠરાવના અનુસંધાને આનુષાંગિક કાર્યવાહી વિભાગની સંબંધિત વહીવટી શાખા(ગ-શાખા) મારફતે કરવાની રહેશે.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુસુચિત જાતિ), ર/ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ગ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ડી.એમ.ઓ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ.